# IEP મીટિંગ્સને સુવિધાજનક બનાવવી

## નિવારક પગલાં તરીકે સહયોગી વ્યક્તિગત શિક્ષણ કાર્યક્રમ મીટિંગ્સને પ્રોત્સાહન આપવું



### IEP ફેસિલિટેટરની ભૂમિકા

રાજ્ય દ્વારા પ્રાયોજિત સુવિધા આપનાર એક તટસ્થ તૃતીય પક્ષ છે જે સુવિધાની તકનીકોમાં પ્રશિક્ષિત છે પરંતુ તે સ્કૂલના ડિસ્ટ્રિક્ટનો કર્મચારી, IEP ટીમનો સભ્ય અથવા ટીમના કોઈપણ વ્યક્તિનો હિમાયતી નથી.

### મુખ્ય ધ્યેય

ખરેખર શું મહત્વનું છે તેના પર ફેસિલિટેટર IEP મીટિંગનું ધ્યાન રાખશે - વિદ્યાર્થીની વ્યક્તિગત જરૂરિયાતો - જ્યારે:

- મીટિંગ માટે માળખું અને ધ્યાન કેન્દ્રિત કરવા માટે જૂથના ધોરણોનો પ્રસ્તાવ મૂકવો
- સંવાદને પ્રોત્સાહન આપવું અને જૂથ પર નિર્ણય લાદવાને બદલે નિર્ણય લેવામાં સમગ્ર ટીમની ભાગીદારીને પ્રોત્સાહન આપવું
- જુદા જુદા મંતવ્યોને સન્માનપૂર્ણ અને તટસ્થ રીતે સ્વીકારવા અને તેમને સંબોધવા

> "સુવિધાકર્તાએ IEP મીટિંગ માટે લેખિત કાર્યસૂચિ અને જૂથ મીટિંગના ધોરણો વિકસાવ્યા. હું દ્રશ્ય વ્યક્તિ હોવાથી, ચર્ચામાં આગળ વધતાં તમારા ચાર્ટનો સંદર્ભ આપવો મારા માટે ખૂબ જ મદદરૂપ રહ્યું હતું."
>
> \- માતાપિતા

**IEP સુવિધા** રાજ્ય-પ્રાયોજિત સુવિધા એક સ્વૈચ્છિક પ્રક્રિયા છે જેમાં કોઈ તૃતીય પક્ષ (સુવિધાકર્તા) ખુલ્લા સંચારને જાળવી રાખવામાં મદદ માટે ઇન્ડિવિડ્યુઅલાઝ્ડ એજ્યુકેશન પ્રોગ્રામ (વ્યક્તિકૃત શિક્ષણ કાર્યક્રમ) (IEP) મીટિંગનું માર્ગદર્શન કરે છે અને IEP ટીમના સભ્યોને પરસ્પર સ્વીકાર્ય IEP વિકસાવવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. સુવિધા એ એક મફત સેવા છે.

જાણીતા અથવા શંકાસ્પદ વિકલાંગતા ધરાવતા બાળકોના માતાપિતા અને/અથવા શાળાના કર્મચારીઓને ઇલિનોઇસ સ્ટેટ બોર્ડ ઑફ એજ્યુકેશન (ISBE) પાસેથી સુવિધા સેવાઓની વિનંતી કરવાનો અધિકાર છે.

ઇલિનોઇસ સ્ટેટ બોર્ડ ઑફ એજ્યુકેશન

## સુવિધાયુક્ત IEP મીટિંગના ફાયદા

- IEP ટીમના સભ્યો અને માતાપિતા અને શાળાઓ વચ્ચે સંબંધો બનાવી અને સુધારી શકે છે
- જૂથમાં અસરકારક વાતચીત અને શ્રવણશક્તિ વધારે છે
- ટીમના સભ્યોમાં વિરોધ ઉત્પન્ન થાય તો તેને ઉકેલવાની તકો પૂરી પાડે છે
- સંમતિ અને અસંમતિના મુદ્દાઓ સ્પષ્ટ કરે છે
- IEP વિકસાવવાની જવાબદારીમાં ભાગ લેવા માટે ટીમના તમામ સભ્યોને પ્રોત્સાહિત કરે છે
- બાળકની જરૂરિયાતો પર ધ્યાન કેન્દ્રિત કરે છે




## મીટિંગની તૈયારી

- IEP મીટિંગ પહેલાં ફેસિલિટેટર સાથે વાત કરવા માટે તૈયાર રહો.
- જો વિનંતી કરવામાં આવે, તો ચર્ચા અને આયોજનમાં મદદ કરવા માટે વર્તમાન IEP અથવા ડ્રાફ્ટ, તેમજ તાજેતરના મૂલ્યાંકન ડેટા ઇમેઇલ કરો.
- જરૂર મુજબ ચર્ચા કરવા માટેના મુદ્દાઓ અને પૂછવા માટેના પ્રશ્નોની યાદી તૈયાર કરો.

## જિલ્લાની જવાબદારીઓ

સ્કૂલ ડિસ્ટ્રિક્ટ વિકલાંગતા શિક્ષણ અધિનિયમ (IDEA) અને ઇલિનોઇસ વહીવટી સંહિતા હેઠળ વિશેષ શિક્ષણ આવશ્યકતાઓનું પાલન કરવાની જવાબદારી જાળવી રાખે છે.

> "જ્યાં દરેક વ્યક્તિ એક જ પૃષ્ઠ પર હોય ત્યાં પ્રક્રિયાનું માર્ગદર્શન કરવા માટે ફેસિલિટેટર હોવું અમૂલ્ય છે. દ્રશ્ય કાર્યસૂચિનો ઉપયોગ કરવો, માર્ગમાં સર્વસંમતિ મેળવવી અને એક ટીમ તરીકે સંબંધો બનાવવા એ ગતિશીલ હતા. આપણે બધા અહીં એક જ કારણસર છીએ... વિદ્યાર્થીનું સમર્થન કરવા માટે."
>
> - શાળા સ્ટાફ સભ્ય

## માતાપિતાના અધિકારો

બધા માતાપિતાના અધિકારો, સૂચનાઓ અને પ્રક્રિયાગત સલામતી હજુ પણ લાગુ પડશે - જેમ કે અન્ય કોઈપણ IEP મીટિંગમાં.

IEP દસ્તાવેજ રાજ્ય ફરિયાદ પ્રક્રિયા અથવા યોગ્ય પ્રક્રિયા સુનાવણી દ્વારા લાગુ કરી શકાય છે.

> "આ અત્યાર સુધીની સૌથી ઉત્પાદક IEP મીટિંગ હતી જેમાં મેં હાજરી આપીઈ હતી. હવે હું મારી ભૂમિકા અને IEP ટીમના દરેક સભ્યોની ભૂમિકાઓ સમજી શકું છું."
>
> - માતાપિતા

**સંપર્ક કરો**
**એમિલી પોસ્ટેલમેન્સ - IEP ફેસિલિટેશન કોઓર્ડિનેટર**
**ઇમેઇલ:** epostelm@isbe.net પર ઇમેઇલ
**ફોન:** 217-782-5589
**TTY/TDD:** 217-782-1900
**ફેક્સ:** 217-782-0372
**વેબસાઇટ:** www.isbe.net/Pages/IEP-Facilitation-System.aspx